# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


મા-૪/સેમિનાર/મંજૂરી/૨૦૨૬/ ૧૨૩૬ તા.૧૨/૦૧/૨૦૨૬

પ્રતિ,

પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,

સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ,

સુરત, જિલ્લો-સુરત.

વિષય: શૈક્ષણિક સેમિનારની મંજૂરી આપવા બાબત.
સંદર્ભ: પ્રમુખ/મંત્રી સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ, સુરતના તા.૦૯/૦૧/૨૦૨૬નાં પત્રને અનુંસધાને

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા શાળાના શિક્ષકોની શૈક્ષણિક સજ્જતા વધે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત તથા સુરત શહેર માધ્યમિક શિક્ષક સંઘનાં સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં શાળાઓના શિક્ષકો માટે એક દિવસનાં શૈક્ષણિક સેમિનારનું નીચે મુજબના સ્થળ અને તારીખે આયોજન કરવામાં આવેલ છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવના પરિશિષ્ટ-૨ (૧૪) ઈતર ખર્ચ માટે માન્ય ખર્ચ યાદી અને ક્રમ-૩૫ અનુસાર સેમીનાર/પરિષદ અન્વેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના આધારે એક દિવસના સેમિનારની માટેની ફી શિક્ષક દીઠ ૩૦૦/- (અંકે રૂપિયા ત્રણસો પુરા) મંજુર કરવામાં આવે છે. ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઈતર ખર્ચની જોગવાઈ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવાનો રહેશે. આ સેમિનારમાં ભાગ લેનાર ચાર શિક્ષકો ઉપરાંત અન્ય ભાગ લેનાર શિક્ષકોને ઉક્ત દિવસ માત્રની "ડયુટી લીવ" મળવાપાત્ર રહેશે.

<u>તારીખ:- ૦૫/૦૨/૨૦૨૬, ગુરુવાર, સમય: સવારે ૮:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી</u>

<u>સ્થળ:- શ્યામાપ્રસાદ મુખર્જી કોમ્યુનીટી હોલ, આઈ માતા રોડ, ડી. આર. વર્લ્ડની સામે, પરવત પાટીયા, સુરત.</u>

જિલ્લાશિક્ષણાધિકારી,

સુરત,જિલ્લો-સુરત.

<u>નકલ રવાના જાણ સારું,</u>

- આચાર્યશ્રી, સુરત શહેરની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ, જિ.સુરત.